# ભાજપમાં સંગઠનના હોદ્દેદારો પણ ટિકિટ મેળવવાની હોડમાં

**સંગઠનના** પદાધિકારીઓ પણ મેદાનમાં ઊતરતાં ભાજપના 'એક વ્યક્તિ-એક હોદ્દો'ના નિયમનો ઉલાળિયો થવાનો ભય


સુરતઃ સુરત શહેર ભાજપ સંગઠનમાં સેવા કરતાં મનપાના વહીવટી 'મેવા' મેળવવાની લાલસા વધુ જોવા મળી રહી છે. સામાન્ય રીતે પાર્ટી દ્વારા કાર્યકરોને સમાજ સેવા અને સંગઠન મજબૂત બનાવવા પ્રોત્સાહિત કરવામાં આવે છે, પરંતુ હાલની પરિસ્થિતિમાં અનેક હોદ્દેદારોનું ધ્યાન સંગઠનાત્મક કાર્ય કરતાં સત્તા અને વહીવટ તરફ વધુ કેન્દ્રીત થયેલું દેખાઈ રહ્યું છે.

પ્રદેશ સ્તરે જગદીશ વિશ્વકર્માની નિમણૂક બાદ શહેર ભાજપમાં વિવિધ મોરચા અને સંગઠનાત્મક પદો પર થયેલી નિમણૂકો પછી, આ હોદ્દેદારોમાંથી મોટા પ્રમાણમાં લોકોએ હવે સુરત મનપાની ચૂંટણીમાં ટિકિટ માટે દાવેદારી નોંધાવી છે. સુરત મનપાના 30 વોર્ડની કુલ 120 બેઠક માટે 2100થી વધુ દાવેદારો મેદાનમાં છે. આમાં સીટિંગ કોર્પોરેટરો ઉપરાંત સંગઠનના અગ્રણીઓ અને મોરચાના હોદ્દેદારોની સંખ્યા પણ નોંધપાત્ર છે. ઓબીસી મોરચાના પ્રમુખ વિજય ભાટિયા, શહેર મંત્રી બીપીન ગાયત્રી, યુવા ભાજપ પ્રમુખ બીપીન તલાવીયા, મહામંત્રી હર્ષ મહેતા, અનુસૂચિત જાતિ પ્રમુખ ચંપક પરમાર અને લઘુમતી મોરચા પ્રમુખ ઈમરાન મેમણ સહિતના અનેક હોદ્દેદારોએ ટિકિટ માટે દાવેદારી કરી હોવાનું સામે આવ્યું છે. પ્રદેશ ભાજપ દ્વારા 'એક વ્યક્તિ-એક હોદ્દો'ની ગાઈડલાઈન અમલમાં છે. એટલે કે, જો કોઈ હોદ્દેદારને ટિકિટ આપવામાં આવે, તો તેને સંગઠનના પદ પરથી રાજીનામું આપવું પડશે. તેમ છતાં ઉપપ્રમુખ, મંત્રી સહિતના મોટા ભાગના હોદ્દેદારો ટિકિટની રેસમાં જોડાતા પાર્ટીમાં આંતરિક દબાણ વધ્યું છે. આ પરિસ્થિતિ ભાજપ માટે ચિંતાનો વિષય બની રહી છે. કારણ કે, સંગઠન મજબૂત કરવાની જગ્યાએ હોદ્દેદારોમાં સત્તા પ્રાપ્ત કરવાની દોડ વધી રહી હોવાનું સ્પષ્ટ થઈ રહ્યું છે.

# સણિયા હેમાદમાં કોટેજ ઇન્ડસ્ટ્રિઝનું ભૂત ફરી ધૂણ્યું: મુઘલસરાઇમાં ઘેરાવ કરાયો

**રજૂઆત** કરવા આવેલી મહિલાઓ-દીકરીઓનો આંતર્નાદ 'અસામાજિક તત્ત્વો અમારી છેડતી કરે છે' તંત્રની ઊંઘ ઊડતી નથી

સુરતઃ સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોનમાં આવતા સણિયા હેમાદ વિસ્તારમાં રહેણાક






સોસાયટીઓની વચ્ચે ફૂટી નીકળેલા ગેરકાયદે કોમર્શિયલ બાંધકામો અને કારખાનાંને પગલે સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. મોટી સંખ્યામાં એકત્ર થયેલા રહીશોએ મનપા કમિશનરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી કે, નિયમો મુજબ જે વિસ્તાર માત્ર રહેણાક હેતુ માટે ફાળવવામાં આવ્યો છે, ત્યાં કોટેજ ઈન્ડસ્ટ્રિઝ કે લઘુ ઉદ્યોગોના ઓઠા હેઠળ મસમોટાં કોમર્શિયલ સ્ટ્રક્ચર્સ ઊભાં કરી દેવામાં આવ્યાં છે. આ મામલે રહીશોએ ભૂતકાળમાં તત્કાલીન કમિશનર શાલિની અગ્રવાલ, મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સુધી અનેકવાર લેખિત અને મૌખિક ફરિયાદો કરી છે. દર વખતે તંત્ર દ્વારા માત્ર આશ્વાસન જ આપવામાં આવ્યું છે, પરંતુ હકીકતમાં 'ઝીરો ટોલરન્સ'ની નીતિના ધજાગરા ઉડાડતાં ગેરકાયદે બાંધકામો બેરોકટોક ચાલુ રહ્યાં છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે, મનપાના અધિકારીઓ અને માથાભારે તત્ત્વોની મિલીભગતને કારણે જ રહેણાક વિસ્તારોમાં ઉદ્યોગો ધમધમી રહ્યા છે. જેના કારણે સામાન્ય નાગરિકોનું જીવવું દુષ્કર બની ગયું છે.

આ ગેરકાયદે કારખાનાં રાત-દિવસ ચાલતાં હોવાથી સોસાયટીના આંતરિક રસ્તા પર સતત ભારે વાહનોની અવરજવર રહે છે, જે બાળકો અને વૃદ્ધો માટે જોખમી સાબિત થઈ રહી છે. આ વિસ્તારોમાં બહારથી આવતા અજાણ્યા લોકો અને અસામાજિક તત્ત્વોનો જમાવડો વધતાં સ્થાનિક મહિલાઓની સુરક્ષા પર પણ સવાલો ઊભા થયા છે.

અગાઉ સણિયા હેમાદના રહીશોએ આ જ મુદ્દે 'સત્યાગ્રહ' જેવો માહોલ ઊભો કર્યો હતો અને સોસાયટીઓના ગેટ પર 'ગેરકાયદે બાંધકામ હટાવો'નાં બેનર્સ લગાવી વિરોધ પ્રદર્શિત કર્યો હતો. જો આગામી દિવસોમાં મનપા તંત્ર દ્વારા આ ગેરકાયદે એકમો પર બુલડોઝર ફેરવીને કડક કાર્યવાહી કરવામાં નહીં આવે, તો રહીશોએ મનપા કચેરીએ ધરણા પર બેસવાની અને ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

# સુરત શહેરમાં જરૂર છે 45 હજાર પોલીસની અને છે માત્ર 6 હજાર

**એક** સ્થિતિ મુજબ દર 50 હજારની વસતીએ એક પોલીસ સ્ટેશન હોવું જોઇએ એ મુજબ સુરતમાં 180 પોલીસ મથકો હોવાં જોઇએ તેની સામે છે માત્ર 41

સુરતઃ બ્યૂરો ઓફ પોલીસ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ (બીપીઆર એન્ડ ડી)ના અભિપ્રાય મુજબ દર 152થી 156 વ્યક્તિ દીઠ એક પોલીસ કર્મચારી હોવા જોઇએ. જ્યારે યુનાઇટેડ નેશન્સ ઓર્ગેનાઇઝેશન્સ એટલે કે સંયુક્ત રાષ્ટ્ર સંઘ (યુનો)ના આદર્શ મુજબ 222 વ્યક્તિ દીઠ એક પોલીસ કર્મચારી હોવા જોઇએ. આ બન્નેની સરેરાશ કાઢવામાં આવી તો 189 વ્યક્તિ દીઠ એક પોલીસ કર્મચારી જોઇએ. સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારની વાત કરીએ તો હાલમાં 90 લાખ જેટલી વસતિ છે. એટલે આ વસતિને ધ્યાને લઈએ તો સુરત શહેર પોલીસમાં 45 હજારથી વધુ પોલીસ કર્મચારીઓની આવશ્યકતા રહે. જેની સામે અત્યારે છે માત્ર ગણીને સાડા છ હજાર. આ ઉપરાંત એક આદર્શ સ્થિતિ મુજબ 50 હજારની વસતિ દીઠ એક પોલીસ મથક હોવું જોઇએ. આ સ્થિતિને કેન્દ્રમાં રાખીને વાત કરીએ તો સુરતમાં 180 પોલીસ સ્ટેશનો હોવાં જોઇએ તેની સામે હાલ 41 પોલીસ મથકો કાર્યરત છે. તેમાં પણ વિસ્તાર પ્રમાણે તો 38 જ છે. મહિલા પોલીસ સ્ટેશન બે છે અને એક ક્રાઇમ બ્રાંચ એમ મળીને કુલ 41 થાય છે. આ રીતે પોલીસ મથકો અને પોલીસ કર્મચારીઓની કમીના કારણે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કાબૂમાં રાખવા માટે પોલીસને કામનું ભારણ વહન કરવું પડે તેવો કપરો કાળ છે.

## આ વખતે 800ના બદલે 1,200 કર્મચારીઓ ફાળવશે: પોલીસ કમિશનર

હાલ મંજૂર મહેકમ 9,500 છે તે વધારીને 10,100 કરવાની દરખાસ્ત કરી છે:અનુપમસિંહ ગહલૌત જેમ જેમ ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય તેમ તેમ જે તે મહાનગર તેમજ જિલ્લામાં કર્મચારીઓની ફાળવણી કરવામાં આવે છે. આ રીતે કર્મચારીઓની ઘટ દૂર કરવાની પ્રક્રિયા ચાલે છે. સુરતમાં કર્મચારીઓની ફાળવણી મુદ્દે પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતનો સંપર્ક કરતા તેમણે કહ્યું હતું કે આ વખતે ખરેખર સુરતને 800 કર્મચારીઓની ફાળવણી કરવાની હતી પરંતુ વધારે કર્મચારીઓની ફાળવણી કરવાની વાતને માન્ય રાખી 1,200ની ફાળવણી કરવામાં આવશે. તેમણે કહ્યું કે વિસ્તાર, વસતિ, પોલીસ મથકો અને ક્રાઇમ રેટ વધે તે મુજબ કર્મચારીઓની સંખ્યા પણ વધે એ માટે સમયાંતરે કર્મચારીઓ વધારવાની દરખાસ્ત કરવામાં આવે છે. સુરતમાં મંજૂર મહેકમ 9,500 છે તેમાં 600 કર્મચારીઓનો વધારો કરી 10,100 કરવામાં આવે તેવી દરખાસ્ત કરવામાં આવી છે. આ સ્થિતિના નિરાકરણ માટે આ વખતે સુરત શહેર પોલીસે ભરતી પ્રક્રિયા માટે ખાસ તાલીમ આપવાનો પ્રારંભ કર્યો હતો. જેમાં જોડાયેલા 600 યુવાનો પરીક્ષામાં ઉત્તિર્ણ થયા છે. જેથી આ 600 હવે કાયમી સુરતમાં ફરજ બજાવશે.

## ક્રાઇમની દષ્ટિએ અમદાવાદ કરતા પણ સુરતની સ્થિતિ ખરાબ

વસતિ, વિસ્તાર, પોલીસ સ્ટેશન અને પોલીસ કર્મચારીની સંખ્યાની દૃષ્ટિએ અમદાવાદ સુરત કરતા મોખરે છે. પણ, ક્રાઇમની દૃષ્ટિએ સુરતની સ્થિતિ અમદાવાદ કરતા ખરાબ છે. કારણ કે અહીં લાખોની સંખ્યામાં પરપ્રાંતીઓ રહે છે. જેમાંથી કેટલાક ગણ્યા ગાંઠ્યા ગુનેગારનું માનસ ધરાવનારા મામૂલી વાતમાં ક્રાઇમ કરી પોતાના વતનમાં જતા રહે છે. જેને શોધવાનું કામ પોલીસ માટે લોઢાના ચણા ચાવવા જેટલું કપરું બની જાય છે. અમદાવાદમાં આટલી સંખ્યામાં પરપ્રાંતીઓનો વસવાટ નથી. જેથી અમુક પ્રકારના ક્રાઇમ સુરતમાં થાય તેવા અમદાવાદમાં ન થાય. જેથી અમદાવાદને જે રીતે મહત્ત્વ આપવામાં આવે છે તે રીતે પૂરી ગંભીરતાથી સુરતને પણ અગ્રતા ક્રમે કર્મચારીઓની ફાળવણી કરવી જોઇએ.

## અમદાવાદમાં એક કરોડ વસતીમાં 14 હજાર, વડોદરામાં 22 લાખની સામે 2000 પોલીસ કર્મી છે

અમદાવાદ અને વડોદરાની સ્થિતિ તરફ વિહંગાવલોકન કરીએ તો અમદાવાદની વસતી એક કરોડ જેટલી છે. જેની સામે પોલીસ કર્મચારીઓની સંખ્યા 14 હજાર છે. જે ખૂબ ઓછી છે. 189 વ્યક્તિ દીઠ 1 પોલીસ કર્મચારીની વાતને કેન્દ્રમાં રાખીએ તો અમદાવાદમાં 52 હજાર જેટલા પોલીસ કર્મચારી હોવા જોઇએ. વડોદરાની સ્થિતિ પણ અમદાવાદ અને સુરત જેવી જ છે. વડોદરાની 22 લાખની વસતી છે. જેની સામે પોલીસની સંખ્યા આશરે બે હજાર જેટલી છે. ખરેખર ત્યાં 11 હજારથી વધુ પોલીસ કર્મચારીઓની આવશ્યકતા છે.

## એકલા પાંડેસરા વિસ્તારમાં જ 18 પોલીસ મથક હોવાં જોઇએ

પાંડેસરા પોલીસ મથકની હદમાં આશરે 9 લાખથી વધુ લોકોનો વસવાટ છે. 50 હજાર લોકો દીઠ એક પોલીસ મથક હોવું જોઇએ એ ન્યાયે માત્ર એકલા પાંડેસરામાં જ 18 પોલીસ મથકની જરૂર છે. જેની સામે છે માત્ર એક જ છે.

# સોના -ચાંદી અને પ્લેટિનમની આયાત માટે લાઈસન્સ ફરજિયાત

**મુક્ત** શ્રેણીમાંથી પ્રતિબંધિત શ્રેણીમાં ખસેડવાથીસપ્લાય ચેઇનને અસર થશે

**આયાતકારોએ** હવે DGFT પાસેથી પૂર્વ પરવાનગી લેવી પડશે

સુરતઃ સોના તેમજ ચાંદી અને પ્લેટિનમ જેવી મુલ્યાવાન ધાતુ અંગેના સરકારના નવા નિર્ણયથી લાંબા સમયથી મંદીનો સામનો કરી રહેલા જ્વેલરી ક્ષેત્રનું ભવિષ્ય હવે દાવ પર લાગી ગયું છે.

ભારતીય સોની સમાજ કાર્યાધ્યક્ષ ભરતભાઈ લંગાળીયાએ જણાવ્યું હતું કે,'ભારત સરકારે 1 એપ્રિલ, 2026 થી સોના, ચાંદી અને પ્લેટિનમ જ્વેલરી અને અન્ય ઉત્પાદનોની આયાતને 'મુક્ત' શ્રેણીમાંથી 'પ્રતિબંધિત' શ્રેણીમાં ખસેડી છે. આ કિંમતી ધાતુઓની આયાત માટે હવે ડિરેક્ટોરેટ જનરલ ઓફ જ્વેલરી (DGFT) તરફથી લાઈસન્સ અથવા પૂર્વ પરવાનગી મેળવવી ફરજિયાત બની છે.

તાત્કાલિક અમલમાં આવતા આ પ્રતિબંધો હાલના કરારો પર પણ લાગુ પડે છે. આમાં ઘાટ કરેલા મોતી, અર્ધ કટ મોતી, રત્નો (કિંમતી અને અર્ધ-કિંમતી બંને), કિંમતી અને બિન-કિંમતી ધાતુઓ, આ ધાતુઓથી બનેલા લેખો, કિંમતી ધાતુ પ્લેટિંગ, ઢોળ ચડાવેલા ઘરેણાં અને ચલણનો સમાવેશ થાય છે.

આ પ્રતિબંધ ભારતમાં સોના અને ચાંદીની સપ્લાય ચેઈનને અસર કરી શકે છે.આ નિર્ણય દ્વારા, સરકારે દેશના વિદેશી હૂંડિયામણ ભંડાર પર દબાણ ઘટાડવા માટે સોના અને ચાંદીની વધતી જતી આયાતને રોકવાનો પ્રયાસ કર્યો છે. દેશના આયાતકારોને હવે લાઈસન્સ મેળવવા માટે એક જટિલ પ્રક્રિયામાંથી પસાર થવું પડી શકે છે, જે વેપારને અવરોધી શકે છે.

જોકે, વર્તમાન બજાર પરિસ્થિતિઓને જોતાં, માંગ પહેલાથી જ ઓછી હોવાથી નોંધપાત્ર વધારો થવાની શક્યતા ઓછી છે, પરંતુ ગભરાટમાં ખરીદી વધી શકે છે.નાના અને મધ્યમ કદના વ્યવસાયો, કારખાનાઓ, કારીગરો અને સુવર્ણકારો તેમજ ઝવેરાત ક્ષેત્ર સાથે સંકળાયેલા દરેક વ્યક્તિ માટે ભવિષ્ય ઉજ્જવળ નથી .જ્યારે આ ક્ષેત્રમાં કારીગરો માટે કામ ઓછુ મળી રહ્યુ હોય આર્થિક કટોકટી સતત ઘેરી બની રહી છે, ત્યારે જ્વેલરી ક્ષેત્રના બધા સંગઠનો અને પદાધિકારીઓ માટે આ એક મોટો પ્રશ્ન છે કે જ્વેલરી વ્યવસાય તેમજ કારીગરો નું હીત કેવી રીતે જાળવી રાખવુ.

### સુરત મનપાના રાંદેર-જહાંગીરપુરા-પાલનપુર વોર્ડમાં

# ભાજપની ભવાઈ, સવારે સાથે દેખાયેલા કાર્યકરે સાંજે વિરોધ કર્યો

**આ વોર્ડમાં** હાલમાં સીટિંગ કોર્પોરેટર કૃણાલ સેલર છે અને સામે કોંગ્રેસમાંથી આવેલા આશિષ સેલરની પણ ટિકિટ માટે દાવેદારી છે

**કાર્યકરનો** વાઈરલ વિડીયો શહેર સંગઠન સુધી પહોંચ્યો, ભાજપ માટે આંતરિક માથાકૂટ ચિંતાનો વિષય

સુરત : શહેરના વોર્ડ નં. 9 (રાંદેર-જહાંગીરપુરા-પાલનપુર)માં ભાજપની ટિકિટ માટે ચાલી રહેલી દાવેદારી વચ્ચે આંતરિક રાજકારણ ગરમાયું છે. એક દાવેદારના જનસંપર્ક કાર્યક્રમમાં સવારે નજરે પડેલા કેટલાક કાર્યકરો સાંજે ગંદા પાણીની ફરિયાદ સાથે યોજાયેલા વિરોધ પ્રદર્શનમાં સક્રિય જોવા મળતા વિવાદ ઊભો થયો છે.

આ સમગ્ર મામલે વાયરલ થયેલા વિડીયો અને સવારે યોજાયેલા પ્રચાર કાર્યક્રમના ફોટાઓ સાથે શહેર ભાજપ સંગઠનને ફરિયાદ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. સ્થાનિક સ્તરે ચર્ચા છે કે સીટિંગ કોર્પોરેટર ટીમને ટાર્ગેટ કરવા માટે આ વિરોધને ઈરાદાપૂર્વક ઊભું કરવામાં આવ્યું હતું. વોર્ડ નં. 9માં ઓબીસી (પુરુષ) કેટેગરી માટેની બેઠક પર હાલ સીટિંગ કોર્પોરેટર રાજન પટેલ અને કૃણાલ સેલર ઉપરાંત તાજેતરમાં દોઢેક વર્ષ પહેલા જ કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા આશિષ સેલર સહિતના દાવેદારો વચ્ચે જોરદાર સ્પર્ધા ચાલી રહી છે. ત્યારે ભાજપના પ્રચાર દરમિયાન ખાસ કરીને આશિષ સેલરના સવારે યોજાયેલા જનસંપર્ક કાર્યક્રમમાં જોડાયેલા કેટલાક લોકો જ સાંજે વિરોધ પ્રદર્શનમાં આક્રમક ભૂમિકામાં જોવા મળતા પ્રશ્નો ઊભા થયા છે. વાયરલ વિડીયો શહેર ભાજપ કાર્યાલય સુધી પહોંચતા સમગ્ર પ્રકરણ ગંભીર બન્યું છે.

ઉલ્લેખનીય છે કે જનરલ કેટેગરીની બેઠક પર ઓબીસી ઉમેદવારને તક મળશે કે નહીં તે મુદ્દો પણ ચર્ચામાં છે. એક જ સમાજના દાવેદારો વચ્ચે ચાલી રહેલી ટક્કર ભાજપ માટે ચિંતાનો વિષય બની રહી છે અને આવો ટ્રેન્ડ અન્ય વોર્ડમાં પણ જોવા મળી રહ્યો છે.

**વિશ્વ આરોગ્ય દિવસ** | હાર્ટ સમસ્યા ઉભી કરતાં હોવાથી ફાસ્ટફૂડ તથા નકલી ખોરાક યુવાનો માટે બની રહ્યાં છે ચિંતાનાં કારણો

# અતિશય કસરત છે "સાઇલન્ટ કિલર"

"**ફિટનેસ** નહીં, હેલ્થને પ્રાથમિકતા આપો", નિષ્ણાતોની સલાહ: પૂરતી ઊંઘ, સારો આહાર અને સંતુલિત જીવન જરૂરી

સુરતઃ દર વર્ષે ૭ એપ્રિલે ઉજવાતા વિશ્વ આરોગ્ય દિવસ નિમિત્તે આ વર્ષે સ્વાસ્થ્ય અંગે વધતી જાગૃતિ વચ્ચે એક ગંભીર હકીકત સામે આવી રહી છે. કોરોના પછી લોકો ફિટનેસ પ્રત્યે વધુ સજાગ બન્યા છે, પરંતુ ખાસ કરીને યુવા પેઢીમાં હાર્ટ સંબંધિત બીમારીઓ અને આકસ્મિક મૃત્યુના બનાવોમાં ચિંતાજનક વધારો નોંધાઈ રહ્યો છે.

આરોગ્ય નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, બહારથી ફિટ અને મસ્ક્યુલર દેખાતા યુવાનો અંદરથી ગંભીર આરોગ્ય જોખમનો સામનો કરી રહ્યા છે. હેવી જીમ વર્કઆઉટ, વધતો માનસિક તણાવ, અપૂરતી ઊંઘ અને ફાસ્ટ ફૂડની આદતોને કારણે હાર્ટ અટેક, બ્લડ પ્રેશર અને અન્ય કાર્ડિયોવેસ્ક્યુલર સમસ્યાઓ ઓછી ઉંમરે જ જોવા મળી રહી છે. સુરત સહિત ગુજરાતમાં ૪૦ વર્ષથી ઓછી વયના લોકોમાં હાર્ટ સંબંધિત મૃત્યુદરમાં વધારો ચિંતા જગાવી રહ્યો છે. નવી સિવિલ હોસ્પિટલના આરએમઓ ડો. કેતન નાયકના જણાવ્યા મુજબ, આ વર્ષે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા "Together for Health, Stand with Science"થીમ આપવામાં આવી છે, જે વૈજ્ઞાનિક અભિગમ અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવાનો સંદેશ આપે છે.

## હાર્ટ સંબંધિત મૃત્યુના આંકડા (નવી સિવિલ હોસ્પિટલ) છેલ્લાં વર્ષોમાં સતત વધારો

| | |
|---|---|
| 2022 | 44 |
| 2023 | 46 |
| 2024 | 98 |
| 2025 | 123 |
| 2026 | 24 |

## ભેળસેળયુક્ત ખાદ્ય પદાર્થો આરોગ્ય માટે મોટુ નુકસાન

કાર્ડિયોલોજિસ્ટ ડો. શનિ પટેલે જણાવ્યું કે, અખાદ્ય અને પ્રોસેસ્ડ ખોરાકના વધતા ઉપયોગને કારણે શહેરમાં હૃદય, કિડની અને પાચનતંત્રના રોગોમાં વધારો થયો છે.ખાસ કરીને પામોલિન તેલ અને ઔદ્યોગિક રસાયણોથી બનેલા ખોરાક લાંબા ગાળે કેન્સર અને અન્ય ગંભીર બીમારીઓનું જોખમ વધારી શકે છે. તેમણે યુવાનોને પૂરતી ઊંઘ લેવાની અને ફાસ્ટ ફૂડ તેમજ નકલી ડેરી પ્રોડક્ટ્સથી દૂર રહેવાની સલાહ આપી.

### સુરતમાં નકલી ખાદ્ય પદાર્થો, પનીર, ચીઝ અને તેલમાં ભેળસેળથી આરોગ્ય પર ગંભીર અસર

સુરત શહેરમાં છેલ્લા કેટલાક મહિનાઓ દરમિયાન નકલી ખાદ્ય પદાર્થોના કેસોમાં વધારો થયો છે. માર્ચ ૨૦૨૬માં પાંડેસરા વિસ્તારમાં તપાસ દરમિયાન ૧૪૦૧ કિલો નકલી પનીર જપ્ત કરવામાં આવ્યું હતું, જે પામોલિન તેલ, મિલ્ક પાવડર અને ઔદ્યોગિક એસિડ જેવા હાનિકારક રસાયણોથી બનાવવામાં આવતું હતું. આ પદાર્થો સ્થાનિક હોટલ અને સ્ટ્રીટ ફૂડ વેન્ડર્સ સુધી પહોંચતા હતા. માત્ર પનીર જ નહીં, પરંતુ નકલી ચીઝ, ઘી અને તેલના કેસોમાં પણ વધારો નોંધાયો છે. મ્યુનિસિપલ તંત્ર અને ફૂડ સેફ્ટી એજન્સીઓ દ્વારા ૨૦૨૫માં આવા કેસોમાં ૧૩ ગણો વધારો નોંધાયો હતો. નિષ્ણાતોના મતે, આવા ભેળસેળયુક્ત ખોરાક હૃદય, કિડની અને લિવર પર લાંબા ગાળે ગંભીર અસર કરે છે.

### "બહારથી નહીં, અંદરથી સ્વસ્થ રહેવું જરૂરી"

સામાજિક કાર્યકર વિજયભાઈ દેસાઈએ જણાવ્યું કે, સ્વસ્થ જીવન માટે માત્ર દેખાવ નહીં પરંતુ આંતરિક આરોગ્ય વધુ મહત્વનું છે. તેઓ છેલ્લા ૪૦ વર્ષથી લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ ખાતે સિનિયર સિટિઝન ગ્રુપ સાથે નિયમિત મળતા રહ્યા છે. આ ગ્રુપમાં અંદાજે ૧૭૫ સભ્યો છે, જેમાં ઘણા ૭૦ થી ૮૫ વર્ષની ઉંમરે પણ સક્રિય અને સ્વસ્થ છે. તેમણે ઉમેર્યું કે, નિયમિત વ્યાયામ, હળવો અને સ્વચ્છ આહાર, સકારાત્મક વાતાવરણ અને સામાજિક જોડાણ સ્વસ્થ જીવન માટે જરૂરી તત્વો છે.

# ગુજરાત સમાન નાગરિક સંહિતા રદ કરવાની માંગ સાથે કલેક્ટરને રજૂઆત

સુરતઃ ગુજરાત મુસ્લિમ હિતરક્ષક સમિતિ દ્વારા ગુજરાત સરકાર દ્વારા પસાર કરાયેલા ગુજરાત સમાન નાગરિક સંહિતા-2026 વિધેયકને રદ કરવા માટે કલેક્ટરને રજૂઆત કરવામાં આવી હતી. સમિતિએ રજૂઆતમાં જણાવ્યું હતું કે,આ કાયદો મુસ્લિમોની ધાર્મિક માન્યતાઓ અને શરિયત વિરુદ્ધ છે તથા ભારતના બંધારણના આર્ટિકલ-14 અને આર્ટિકલ-25નું ઉલ્લંઘન કરે છે. આ કાયદામાં અસમાનતા જોવા મળે છે. મુસ્લિમ સમાજને ખાસ નિશાન બનાવીને કાયદો લાગુ કરવામાં આવ્યો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો. લિવ-ઈન રિલેશનશીપને કાયદેસર માન્યતા આપવાની જોગવાઈને પણ અનૈતિક ગણાવી તેનો વિરોધ નોંધાવ્યો હતો. સમિતિએ કહ્યું હતું કે, આ કાયદો પાછો નહીં ખેંચાય તો આગળના સમયમાં આ મુદ્દે વધુ આંદોલનાત્મક પગલાં લેવામાં આવશે.

## સંક્ષિપ્ત સમાચાર

### વિશ્વ આરોગ્ય દિવસ પર જી. ડી. ગોયેન્કા સ્કૂલમાં જાગૃતિ સત્ર યોજાયું



સુરતઃ વિશ્વ આરોગ્ય દિવસ નિમિત્તે વેસુ સ્થિત જીડી ગોએન્કા સ્કૂલ ખાતે "ટીન સ્કિન કેરઃ મિથ્સ, મિસ્ટેક્સ એન્ડ સ્માર્ટ હેબિટ્સ ફોર હેલ્ધી સ્કિન" વિષય પર જાગૃતિ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્રનું નેતૃત્વ પ્રખ્યાત ડર્મેટોલોજિસ્ટ ડો. જગદીશ સખિયા દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાના એવી રૂમ ખાતે યોજાયેલા આ સત્રમાં 60થી વધુ વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. તેમાં શૈક્ષણિક નિયામક અને આચાર્ય ડો. શ્રુતિ અગ્રવાલ તેમજ પ્રાથમિક વિભાગના ડીન ડો. શિલ્પા સૂર્યા પણ હાજર રહ્યા હતા. ડો. જગદીશ સખિયાએ જણાવ્યું કે હતું કે, જો અહીં બેસેલા તમામ વિદ્યાર્થીઓના હેલ્થ ટેસ્ટ કરવામાં આવે તો મોટાભાગે બી12 અને હિમોગ્લોબિનની અછત જોવા મળી શકે. તેલનો ઉપયોગ વાળને નુકસાન પહોંચાડે છે તે માત્ર કલ્પના છે. વીકએન્ડ દરમિયાન ફાસ્ટ ફૂડની આદતોને નિયંત્રિત કરવી અથવા તેને હેલ્થી વિકલ્પોથી બદલવી જરૂરી છે.

### હરિપુરા હોળી ચકલા ખાતે ભોઈ સમાજ દ્વારા ગાયત્રી હવન યોજાયો

સુરતઃ હરિપુરા પીરછડી રોડ પર આવેલ હોળી ચકલા ખાતે ભોઈ સમાજ દ્વારા વર્ષોથી ચાલતી પરંપરા મુજબ આ વર્ષે પણ માતા ગાયત્રીનો વૈદિક હવન ભક્તિભાવ સાથે યોજાયો હતો. સમાજના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને વિશ્વ શાંતિ તથા સમાજમાં સુખ-શાંતિ માટે હવનમાં આહુતિ અર્પણ કરી હતી.આ હવન કાર્યક્રમમાં વહેલી સવારે વિધિવત પૂજા-અર્ચના બાદ યજ્ઞ શરૂ કરવામાં આવ્યો હતો. વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે ભોઈ સમાજના યુવાનો, મહિલાઓ અને વડીલો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. હવન દરમિયાન સર્વે ઉપસ્થિતોએ વિશ્વમાં શાંતિ, સમાજમાં એકતા અને સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.આ પ્રસંગે સમાજના આગેવાનો જણાવ્યું હતું કે, આ પરંપરા વર્ષોથી સતત ચાલી આવી રહી છે અને સમાજની એકતા મજબૂત બનાવવાનો મુખ્ય હેતુ છે. કાર્યક્રમના અંતે પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું અને સૌએ સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં ઉજવણી કરી હતી.

### સુરતમાં વર્લ્ડ પાર્કિન્સન ડેની ઉજવણી સાથે જાગૃતિ કાર્યક્રમ ઉજવાયો



સુરતઃ ડો. હેતશ્રી પટેલ અને ડો. પૂજા લોહિયાના માર્ગદર્શન હેઠળ વર્લ્ડ પાર્કિન્સન ડે નિમિત્તે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં 50થી વધુ દર્દીઓ અને તેમના પરિવારજનો હાજર રહ્યા અને કાર્યક્રમનો લાભ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન BKP-PDMDS પાર્કિન્સન સપોર્ટ ગ્રુપ, સુરત દ્વારા કરવામાં આવતી એનજીઓ પ્રવૃત્તિઓ વિશે માહિતી આપવામાં આવી હતી. નવી સિવિલ હોસ્પિ.ના ફિઝીયોથેરાપિસ્ટ ડો. નિશાંત તેજવાણીએ ડિસેબિલિટી સર્ટિફિકેટ કેવી રીતે મેળવવું તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. ડો. તૃપ્તિ પટેલે પરિવાર સાથે સારા સંબંધો જાળવવાના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. સિનિયર ન્યુરોલોજિસ્ટ ડો. કાંતા ભૂત્રા દ્વારા પ્રશ્નોત્તરી સત્રનું આયોજન કરવામાં આવ્યું હતુ, જેમાં દર્દીઓના પ્રશ્નોના સંતોષકારક જવાબ આપવામાં આવ્યા હતા.

### તળપદા કોળી પટેલ પ્રગતિ ટ્રસ્ટ દ્વારા નિદાન કેમ્પ-ઓર્ગન ડોનેશન જાગૃતિ શિબિર યોજાઈ



સુરત : શ્રી તળપદા કોળી પટેલ પ્રગતિ ટ્રસ્ટ, ગોવિંદજી હોલ તથા દાસ આત્મીય સુહૃદ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે રક્તદાન શિબિર, ઓર્ગન ડોનેટ (અંગદાન), સર્વરોગ નિદાન કેમ્પ તથા આયુષ્યમાન કાર્ડના કાર્યક્રમનું આયોજન ગોવિંદજી હોલ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૧૩૨ યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતુ. જેમા આંખના 118, દાંતના 27, ડાયાબિટીસના 83, કાન નાક ગળાના 25, ચામડીના 35, ફિઝીયોથેરાપીના 15, ઓર્થોપેડીકના 16, પેથોલોજીના 35, ન્યુરોલોજીના 9, તથા આયુષ્માન કાર્ડના 20, વ્યસન મુક્તિના 15 કેસનો લાભાર્થીઓએ લાભ લીધો હતો. આ પ્રસંગે સર્વમંગલ સ્વામીજી, સંતોષ સ્વામીજી, માજી મંત્રી ધારાસભ્ય વિનોદભાઈ મોરડીયા, પદ્મશ્રી નિલેશભાઈ માંડલેવાલા, કોળી સેનાના જીગ્નેશભાઈ પટેલ, ટ્રસ્ટના પ્રમુખ સતીષભાઈ કે. પટેલ, ઉપપ્રમુખ રાકેશભાઇ પટેલ, સેક્રેટરી અશ્વિનભાઈ ટી.પટેલ, ટ્રસ્ટી સુનિલભાઈ સી. પટેલ તથા ટ્રસ્ટી મંડળ. યુવા મંડળ, કસ્તૂરી મહિલા મંડળના સભ્યો અને દાસ આત્મીય સુહૃદ ફાઉન્ડેશનના હરિ ભક્તો તથા સમાજના આગેવાનો, મહેમાનો, રક્તદાતાઓ, લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

### કર્મના સામે સંગ્રામ ખેલીને પ્રભુ વીતરાગ બને છે: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી



મુંબઈ: મલાડ (પૂર્વ)ના જીતેન્દ્રરોડ સ્થિત શ્રી લબ્ધિનિધાન શાંતિનાથ શ્વે.મૂ.પૂ. જૈન સંઘમાં પ્રેમ-ભુવનભાનુસૂરિજી મહારાજના સમુદાયના ગચ્છાધિપતિ પ્રશાન્તમૂર્તિ આ.રાજેન્દ્રસૂરિજી મહારાજા, પૂ. આ.મુક્તિવલ્લભસૂરિજી મ., પૂ. આ. પદ્મદર્શનસૂરિજી મ. અને પૂ. આ. ધર્મયશસૂરિજી મ. આદિ વિશાળ મુનિ ભગવંતોની પાવન નિશ્રામાં શ્રી શાંતિનાથ જિનાલયની 24મી સાલગીરી નિમિત્તે ત્રિદિવસીય અન્તર્ગત બીજા દિવસે વિશિષ્ટ ઔષધિયુક્ત જલ વડે અઢાર અભિષેકનો કાર્યક્રમ સંગીતના સથવારે યોજાયો હતો. પૂજ્યોએ અભિષેકનો મહિમા સમજાવ્યો હતો. આ પાવન અવસરે આ. પ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, પરમાત્મા તો ક્યારેય મલિન હોતા નથી, સદા માટે નિર્મલ હોય છે. કર્મના સામે સંગ્રામ ખેલીને પ્રભુ વીતરાગ બને છે. કૈવલ્યની પ્રાપ્તિ કર્યા પછી પ્રભુ વિશ્વ ઉપર ઉપકાર કરવા માટે અમૃતવાણી વહાવતા હોય છે. પ્રભુ તો આપણા કર્મમેલને ધોવા માટે અવતરતા હોય છે.

### AM/NS India હજીરાની CSP મિલનું 41 મિલિયન ટન સ્ટીલ ઉત્પાદન

સુરત : AM/NS Indiaએ હજીરામાં આવેલી પોતાની કોમ્પેક્ટ સ્ટીલ પ્રોડક્શન મિલની એક મહત્વપૂર્ણ સિદ્ધિ મેળવી છે. આ પ્લાન્ટે 41 મિલિયન ટન સ્ટીલ ઉત્પાદનનો આંક પાર કર્યો છે અને વિશ્વમાં સૌથી મોટા અને સતત સારી કામગીરી આપતા યુનિટ્સમાંનું એક બન્યું છે. વર્ષ 2011માં શરૂ થયેલી CSP મિલ વિશ્વમાં પ્રથમ એવી મિલ છે, જેમાં 3 ટનલ ફર્નેસ અને 3 કાસ્ટર્સને એક જ સાત-સ્ટેન્ડ ફિનિશિંગ મિલ સાથે જોડવામાં આવ્યા છે. જે વિશ્વના સ્ટીલ ઉદ્યોગમાં એક અનોખી રચના ધરાવે છે. મિલની શરૂ થયેલી ત્રીજી ટનલ ફર્નેસથી તેની ઉત્પાદન ક્ષમતામાં વધારો થયો છે.